# પ્રકરણ ૪

# નાણાકીય આયોજન

પ્રશ્ન ૧. અનપેક્ષિત ઘટનાઓ સામે સંરક્ષણ મેળવવા તમે નીચેનામાંથી કયું નાણાકીય ઉત્પાદન સૂચવશો ?

૧ . વીમો

૨ . બેંક એફડી જેવા લેવડદેવડના ઉત્પાદનો

૩ . શેર

૪ . ડિબેન્ચર્સ

પ્રશ્ન ૨. નાણાકીય આયોજન શરૂ કરવાનો શ્રેષ્ઠ સમય કયો છે?

૧ . નિવૃત્તિ પછી

૨ . પ્રથમ પગાર મળે પછી તરત જ

૩ . લગ્ન પછી

૪ . વ્યક્તિ ધનિક થાય પછી જ

પ્રશ્ન ૩. નીચેનામાંથી કયો કરવેરાના આયોજનનું હેતુ નથી?

૧ . કરવેરાનો મહત્તમ ફાયદો

૨ . યોગ્ય રોકાણના પરિણામે કરવેરાનું ભારણ ઘટાડવું

૩ . કરચોરી

૪ . કરવેરાના માળખાનો સંપૂર્ણ ફાયદો

પ્રશ્ન ૪. ઉચું જોખમ ખેડવાનો અભિગમ ધરાવતી વ્યક્તિ સંપત્તિનો સંચય કરવા માટે ___________ શૈલી અનુસરે છે.

૧. સંગઠન

૨ . ભેટ

૩ . સંચય

૪ . ખર્ચ

પ્રશ્ન ૫. નીચેનામાં કયા ઉત્પાદનમાંથી કયું ઉત્પાદન સંપત્તિનો સંચય કરવા માટે હોય છે?

૧ . બેંક લોન

૨ . શેર

૩ . ટર્મ વીમા પોલીસી

૪ . બેંક બચત ખાતું

પ્રશ્ન ૬. બચતનો વિચાર બે બાબતોનો સંયુક્તપણે વિચાર કરીને કરી શકાશે. નીચેનામાંથી પસંદ કરો.

૧ . જોખમની જાણવણી અને વપરાશમાં ઘટાડો

૨ . ભેટ અને સંચય

૩ . ખર્ચ અને સંચય

૪ . વપરાશ મોકૂફ રાખવો અને તરલતા ઓછી કરવી.

પ્રશ્ન ૭. જીવનના કયા તબક્કા દરમિયાન વ્યક્તિ બચતની સૌથી વધારે ઉપયોગ કરે છે?

૧ . નિવૃત્તિ પછીનો

૨ . કમાણી કરવાનો

૩ . વિદ્યાર્થી અવસ્થા

૪ . લગ્ન થાય પછી તરત જ

પ્રશ્ન ૮. રોકાણના સમયગાળા અને વળતર વચ્ચે શું સંબંધ છે?

૧ . જેટલો વધારે સમયગાળો હોત તેટલું વધારે વળતર

૨ . કોઈ સંબંધ નથી.

૩ . જેટલો વધારે સમયગાળો હોત તેટલું ઓછું વળતર.

૪ . જેટલો વધારે સમયગાળો હોત તેટલું કરવેરા પર વધારે વળતર.

પ્રશ્ન ૯. નીચેનામાંથી કયા ઉત્પાદનને લેવડ દેવડના ઉત્પાદન તરીકે વર્ગીકૃત કરી શકાશે.

૧ . બેંક ડીપોઝીટ

૨ . જીવન વીમો

૩ . શેર

૪ . બોન્ડ્સ

પ્રશ્ન ૧૦. નીચેનામાંથી કયા ઉત્પાદનને કટોકટીના ઉત્પાદન તરીકે વર્ગીકૃત કરી શકાય?

૧ . બેંક ડીપોઝીટ

૨ . જીવન વીમો

૩ . શેર

૪ . બોન્ડ્સ

પ્રશ્ન ૧૧. નીચેનામાંથી કયા ઉત્પાદનને સંપત્તિનો સંચય કરતા ઉત્પાદનોની કેટેગરી હેઠળ વર્ગીકૃત કરી શકાય?

૧ . બેંક ડીપોઝીટ

૨ . જીવન વીમો

૩ . શેર

૪ . બોન્ડ્સ

પ્રશ્ન ૧૨. અર્થતંત્રમાં ____________ સમય સાથે ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવમાં વધારો છે.

૧ . ડીફ્લેસન

૨ . ફુગાવો

૩ . સ્ટેગફ્લેશન

૪ . હાયપરફ્લેશન

પ્રશ્ન ૧૩. વિવેકાધીન આવક વધારવા નીચેનામાંથી કઈ વ્યૂહરચના નથી?

૧ . ઋણ પુનર્ગઠન

૨ . લોન હસ્થાતરણ

૩ . રોકાણનું પુનર્ગઠન

૪ . વિમાની ખરીદી

પ્રશ્ન ૧૪. ડબલ ઇન્કમ ફેમીલી જેમાં બંને પતિ-પત્ની કમાતા હોય અને એકનું અકાળે મૃત્યુ કિસ્સામાં એજન્ટે શું સલાહ આપવી જોઈએ ?

૧ . આવકને રક્ષણ આપવું મહત્વનું છે

૨ . પરિવારને રક્ષણ આપવું મહત્વનું છે

૩ . નિવૃત્તિને રક્ષણ આપવું મહત્વનું છે

૪ . બચતને રક્ષણ આપવું મહત્વનું છે

પ્રશ્ન ૧૫. એક દંપત્તિને ૭ વર્ષનો પુત્ર છે. તેઓ કયા પ્રકારના નિરાકરણ માટે તપાસ કરી રહ્યા હશે?

૧ . નિવૃત્તિના આયોજન માટે

૨ . આરોગ્ય વીમા યોજના માટે

૩ . બાળકના શિક્ષણની યોજના માટે

૪ . જીવન વીમા યોજના માટે

પ્રશ્ન ૧૬. જો કોઈ વ્યક્તિ આરોગ્યની વીમા યોજના અને નિવૃત્તિની વીમા યોજના ખરીદવા બાબતે વિચારતો હોય તો તે જીવનના કયા તબક્કામાંથી પસાર થઇ રહ્યો હશે?

૧ . અપરણિત યુવાન

૨ . પરણિત યુવાન

૩ . બાળકો ધરાવતો પરણિત યુવાન

૪ . નિવૃત્તિ પૂર્વેનો

પ્રશ્ન ૧૭. જીવન વીમો કયા વાય જૂથ માટે સૌથી મહત્વનો છે?

૧ . યુવાન વયના માટે

૨ . નિવૃત્તિ પૂર્વેના વ્યક્તિ માટે

૩ . નિવૃત્ત વ્યક્તિ માટે

૪ . બાળકો માટે